એપ્રિલ-૨૦૨૬

# પેન્શનર્સ પ્રકાશ

## THE QUIET MEASURE OF A LIFE

Dear Friends,

In the long journey of a working life, most of us have been evaluated by numbers—targets achieved, accounts opened, recoveries made, profits declared. In institutions like State Bank of India, generations of employees spent decades pursuing excellence through discipline, diligence, and dedication. Yet, as retirement offers us the rare luxury of reflection, we gradually realize that the true audit of life is conducted on a very different ledger.

That ledger records not the balance sheets we prepared, but the relationships we nurtured.

Recently, I came across a thoughtful reflection by a senior citizen who wrote that one does not truly know a person until one observes how they treat the people: the waiter who brings the wrong order, the driver caught in unavoidable traffic, and the spouse who is simply too tired to meet expectations. It is a deceptively simple observation, but one that carries profound ethical and human insight.

In those everyday moments, stripped of ceremony and hierarchy, the real character of a person quietly reveals itself.

### Beyond Hierarchies

Our professional lives are structured around hierarchy. Banks have officers and clerks, managers and subordinates, customers and service providers. Society too is layered with visible and invisible lines of status.

But human dignity recognizes no such boundaries.

A waiter serving tea in a modest restaurant, a driver navigating chaotic city traffic, a clerk processing pension papers, or a security guard standing quietly at the gate—all of them are fellow travellers in the same human journey. Their work may differ, their social status may vary, but their dignity remains identical.

The real test of our character lies in how we behave when dealing with those who cannot influence our careers, promotions, or reputations.

Politeness toward superiors is often diplomacy. Courtesy toward those with no power over us is character.

### Habits of Respect

The good news is that respect is not an inborn trait reserved for saints; it is a habit that can be cultivated.

**Simple habits transform everyday interactions:**

- **Saying "thank you" to the office assistant who brings files.**
- **Greeting the security guard who opens the gate every morning.**
- **Listening patiently to a service worker who may have made an honest mistake.**
- **Treating domestic staff and drivers with the same civility we extend to guests.**

Such gestures cost nothing, yet they elevate the moral atmosphere around us.

*For many of us who served in large institutions like the State Bank of India, we may recall colleagues who commanded genuine affection—not because of their authority, but because of their kindness. They knew the names of the peons, enquired about the health of the clerks, and treated customers with patience even during stressful hours.*

**Their leadership was not merely administrative; it was humane.**

### Retirement: A Time for Inner Refinement

Retirement offers us a unique opportunity to refine the inner aspects of our personality.

વર્ષ-૧૯ ● અંક : ૦૪
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

During active service, the pressures of deadlines and responsibilities sometimes harden our responses. Irritation creeps into speech. Impatience replaces empathy. We may not even realize when efficiency quietly overshadows kindness.

The slower rhythm of retired life allows us to correct those tendencies.

In our homes, communities, and social circles, we now have the opportunity to consciously practice gentleness in speech, patience in disagreement, and gratitude in daily interactions.

In many ways, this stage of life is less about achievement and more about character cultivation.

### The Spiritual Dimension

Indian philosophical traditions have always emphasized the sacredness of human interaction. The ancient dictum "AtithiDevo Bhava" teaches us to see the divine in the guest. Equally important is the deeper Vedantic insight that the same consciousness resides in every being.

If that understanding truly sinks into our conduct, arrogance becomes impossible.

One begins to see that the waiter, the driver, the clerk, the spouse, and oneself are all expressions of the same universal presence. Courtesy then ceases to be a social formality; it becomes a spiritual practice.

### The Legacy We Leave

In the end, our legacy will not be defined by designations or designations engraved on retirement plaques. Those fade with time.

What endures is the memory of how we made people feel.

- **Did we make others feel respected?**
- **Did our words bring dignity or discomfort?**
- **Did our presence make life slightly lighter for those around us?**

These are the questions that quietly define the worth of a life.

As members of the SBIPA community—bound by shared years of service and collective experience—we now have the opportunity to set an example for the younger generation. ***By practicing humility, patience, and respect toward everyone we encounter, we reaffirm the timeless truth that human dignity is indivisible.***

**For ultimately, the greatness of a person is not measured by how high they stand in society, but by how gently they treat those who stand below them in its hierarchy.**

***And perhaps that is the most valuable habit we can cultivate in the autumn of life.***

**- Kamal Kadri-Editor**

## જીવનનો શાંત માપદંડ

પ્રિય મિત્રો,

આપણા નોકરીના કાર્યકાળની લાંબી સફરમાં, આપણામાંના મોટાભાગના લોકોનું મૂલ્યાંકન આંકડાઓ દ્વારા કરવામાં આવ્યું છે. જેમ કે સિદ્ધ કરેલા લક્ષ્યાંકો, ખોલવામાં આવેલા ખાતાઓ, કરવામાં આવેલી રિકવરી અને જાહેર કરાયેલ નફો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા જેવી સંસ્થાઓમાં, કર્મચારીઓની પેઢીઓએ શિસ્ત, ખંત અને સમર્પણ દ્વારા શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવામાં દાયકાઓ વિતાવ્યા છે. છતાં, નિવૃત્તિ જ્યારે આપણને આત્મચિંતનની દુર્લભ તક આપે છે, ત્યારે આપણને ધીમે ધીમે સમજાય છે કે જીવનનું સાચું મૂલ્યાંકન એક ખૂબ જ અલગ ખાતાવહી પર કરવામાં આવે છે તે ખાતાવહીમાં આપણે તૈયાર કરેલા બેલેન્સ શીટ્સ નહીં, પરંતુ આપણે કેળવેલા સંબંધોના લેખાજોખાની નોંધ લેવાય છે.

તાજેતરમાં, મેં એક વરિષ્ઠ નાગરિકનું વિચાર પ્રેરક લખાણ વાંચ્યું, જેમાં લખ્યું હતું કે વ્યક્તિ જ્યાં સુધી બીજાને સાચા અર્થમાં જાણી શકતી નથી, ત્યાં સુધી તે આ ત્રણ લોકો પ્રત્યે તેમનો વ્યવહાર ન જુએ. ખોટો ઓર્ડર લાવનાર વેઈટર, ટ્રાફિકમાં ફસાયેલ ડ્રાઈવર અને પોતાની અપેક્ષાઓ પૂરી કરવામાં અસમર્થ અને થાકેલી જીવનસાથી. આ એક દેખીતી રીતે સરળ અવલોકન છે, પરંતુ તે ગહન નૈતિક અને માનવીય સમજ ધરાવે છે તે રોજિંદી પળોમાં, હોદ્દા અને પદાનુક્રમના આડંબર વિના, વ્યક્તિનું વાસ્તવિક ચરિત્ર કે સંસ્કાર, શાંતિથી વ્યક્ત થાય છે.

### પદાનુક્રમથી પર

આપણું વ્યાવસાયિક જીવન પદાનુક્રમની આસપાસ રચાયેલું છે. બેંકોમાં અધિકારીઓ, ગ્રાહકો અને સેવા પ્રદાતાઓ હોય છે. સમાજ પણ પ્રતિષ્ઠાની દૃશ્ય અને અદૃશ્ય હરોળોમાં વહેંચાયેલો છે. પરંતુ માનવ ગૌરવ આવી કોઈ સીમાઓને ઓળખતું નથી.

એક સામાન્ય રેસ્ટોરન્ટમાં ચા પીરસતો વેઈટર, શહેરના અસ્તવ્યસ્ત ટ્રાફિકમાં વાહન ચલાવતો ડ્રાઈવર, પેન્શનના કાગળોની પ્રક્રિયા કરતો ક્લાર્ક અથવા ગેટ પર શાંતિથી ઉભેલો સિક્યુરિટી ગાર્ડ - આ બધા જ માનવ જીવનની સફરના સહયાત્રીઓ છે. તેમનું કામ અલગ હોઈ શકે છે, તેમનો સામાજિક દરજ્જો ભિન્ન હોઈ શકે છે, પરંતુ તેમનું આત્મ ગૌરવ અને સન્માન એક સમાન રહે છે.

આપણા ચરિત્રની/સંસ્કારની સાચી કસોટી એ છે કે આપણે આવા લોકો સાથે કેવો વ્યવહાર કરીએ છીએ. જેઓ આપણી કારકિર્દી, પ્રમોશન કે પ્રતિષ્ઠાને પ્રભાવિત કરી શકતા નથી. ઉપરી અધિકારીઓ પ્રત્યે નમ્રતા રાખવી એ ઘણીવાર મુત્સદ્દીગીરી હોય છે, પરંતુ જેમના પાસે કોઈ સત્તા નથી તેમની પ્રત્યે સૌજન્ય દાખવવું એ ચરિત્ર્ય અને સંસ્કાર છે.

### સન્માનની આદતો

સારી વાત એ છે કે આદરપૂર્વકનું વર્તન એ કોઈ જન્મજાત લક્ષણ નથી જે માત્ર સંતો માટે અનામત હોય, આ એક આદત છે જેને કેળવી શકાય છે અને આવી નાની નાની આદતો રોજિંદા વ્યવહારમાં પરિવર્તન લાવે છે : જેવી કે,

- ફાઈલો લાવનાર ઓફિસ આસિસ્ટન્ટનો આભાર માનવો.
- દરરોજ સવારે ગેટ ખોલનાર સિક્યુરીટી ગાર્ડનું અભિવાદન કરવું.
- કોઈ સેવા કર્મચારી (સર્વીસ વર્કર)થી ભૂલ થઈ હોય તો તેને ધીરજથી સાંભળી તેમની ભૂલને હળવાશથી લેવી.
- ઘરના કામદારો અને ડ્રાઈવરો સાથે તેટલી જ સભ્યતાથી વર્તવું જેટલાં આપણે મહેમાનો સાથે વર્તીએ છીએ.

આપણી આવી નમ્રતામાં કોઈ ખર્ચ થતો નથી, છતાં તે આપણી આસપાસના નૈતિક વાતાવરણને સૌહાર્દપૂર્ણ બનાવે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા જેવી મોટી સંસ્થાઓમાં સેવા આપનારા આપણામાંથી ઘણાને એવા સાથીદારો યાદ હશે, જેઓ તેમની સત્તાને કારણે નહીં, પરંતુ તેમના સાલસ સ્વભાવ અને અન્યને સહાયભુત થવાને કારણે સાચા સ્નેહના પાત્ર બન્યા હતા. તેઓ પટાવાળાઓના નામ જાણતા હતા, ક્લાર્કોની તબિયત વિશે પૂછતા હતા, અને તણાવપૂર્ણ કલાકો દરમિયાન પણ ગ્રાહકો સાથે ધીરજથી વર્તતા હતા. તેમનું નેતૃત્વ માત્ર વહીવટી નહોતું તે માનવીય હતું.

### નિવૃત્તિઃ આંતરિક શુદ્ધિનો સમય

નિવૃત્તિ આપણને આપણા વ્યક્તિત્વના આંતરિક પાસાઓને સુધારવાની અનન્ય તક આપે છે. સક્રિય સેવા દરમિયાન, સમયમર્યાદાના દબાણ અને જવાબદારીઓ ક્યારેક આપણી પ્રતિક્રિયાઓને કઠોર બનાવી દે છે. વાણીમાં ચીડિયાપણું આવી જાય છે અને સહાનુભૂતિનું સ્થાન અધીરાઈ લઈ લે છે. કાર્યભાર ક્યારે સ્વભાવ અને વર્તણુંક પર હાવી થઈ જાય છે તેની આપણને ખબર પણ નથી પડતી.

નિવૃત્ત જીવનમાં ધીમી પડતી દૈનિક ગતિ આપણને આવા વલણો સુધારવાની તક આપે છે. આપણા પરિવાર, સમુદાયો અને સામાજિક વર્તુળોમાં, હવે આપણી પાસે વાણીમાં નમ્રતા, અસંમતિમાં ધીરજ અને દૈનિક વ્યવહારમાં કૃતજ્ઞતાનો સભાનપણે ઉપયોગ કરવાની તક આપે છે. ઘણી રીતે, જીવનનો આ તબક્કો સિદ્ધિઓ મેળવવા કરતા ચરિત્ર ઘડતર વિશે વધુ છે.

### આધ્યાત્મિક પરિમાણ

ભારતીય દાર્શનિક પરંપરાઓએ હંમેશા માનવીય વ્યવહારની પવિત્રતા પર ભાર મૂક્યો છે. પ્રચીન સૂત્ર "અતિથિ દેવો ભવ" આપણને મહેમાનમાં દૈવી અંશ જોતા શીખવે છે. તેટલું જ મહત્ત્વનું વેદાંતનું ગહન દર્શન છે કે દરેક જીવમાં એક જ ચેતના નિવાસ કરે છે. જો આ સમજણ આપણા આચરણમાં ઉતરી જાય, તો અહંકાર અશક્ય બની જાય છે. વ્યક્તિ એ જોવાનું શરૂ કરે છે કે વેઈટર, ડ્રાઈવર, ક્લાર્ક, જીવનસાથી અને પોતે-બધા એક જ સાર્વત્રિક પરમાત્માની અભિવ્યક્તિ છે. ત્યારે સૌજન્ય એ માત્ર સામાજિક ઔપચારિકતા મટીને એક આધ્યાત્મિક સાધના બની જાય છે.

### આપણો વારસો

અંતે, આપણો વારસો નિવૃત્તિની તકતીઓ પર કોતરાયેલા હોદ્દાઓ દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવશે નહીં તે સમય જતાં ઝાંખા પડી જાય છે. જે ટકી રહે છે તે એ છે કે આપણે લોકોને કેવો અનુભવ કરાવ્યો? શું આપણા શબ્દો ગૌરવ લાવ્યા કે અસ્વસ્થતા? શું આપણી હાજરીએ આસપાસના લોકો માટે જીવન થોડું હળવું બનાવ્યું ?

આ એવા પ્રશ્નો છે જે શાંતિથી જીવનની સાર્થકતા નક્કી કરે છે. એસબીઆઈપીએ સમુદાયના સભ્યો તરીકે જેઓ સેવાના સમાન વર્ષો અને સામૂહિક અનુભવોથી બંધાયેલા છે - આપણી પાસે હવે યુવા પેઢી માટે ઉદાહરણ બેસાડવાની તક છે. દરેક વ્યક્તિ પ્રત્યે નમ્રતા, ધૈર્ય અને આદર રાખીને, આપણે એ કાલાતીત સત્યને પુનઃપુષ્ટ કરીએ કે માનવીય ગૌરવ અવિભાજ્ય છે. કારણ કે અંતે, વ્યક્તિની મહાનતા એ વાતથી નથી મપાતી કે તે સમાજમાં કેટલા ઊંચા સ્થાને છે, તે પદાનુક્રમમાં પોતાનાથી નીચે રહેલા લોકો સાથે કેટલી સૌમ્યતાથી વર્તે છે અને કદાચ જીવનના આ પાનખર સમયમાં આપણે કેળવી શકીએ તેવી આ સૌથી મૂલ્યવાન આવી નાનીનાની આદતો છે.

॥ વિદ્યા વિનયેન શોભતે ॥ **કમાલ કાદરી-સંપાદક**



અરિહંત ઓર્થોપેડિક હોસ્પિટલ
અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સેન્ટર
Dr. Tejas Gandhi
M S ortho (Gold medalist)
Senior Joint Replacement Surgeon
Pioneer in MICRO Knee Surgery
Fellowship SGH Hospital (singapore)
oxford university (U.K)
૨૦,૦૦૦ થી પણ વધુ
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી નો
બહોળો અનુભવ
રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી ઉપલબ્ધ
રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ ના ફાયદા
સાંધાની સચોટ ગોઠવણ અને સંતુલન
નહિવત દુખાવો, અત્યંત ઝડપી રિકવરી
સિટી સ્કેન કે એમ.આર.આઈ ની જરૂરીયાત નથી
સ્નાયુ સાચવીને થતી સબવાઈસ્ટ પદ્ધતિ
સંપુર્ણ લિગામેન્ટ સંતુલન સાથે ૧૨૦° થી વધુ
વળતા સાંધા (Hiftex Joint)
KNEE PAIN I HIP PAIN માટે
ફ્રી કન્સલટેશન અને X-RAY
SBI, ESBI, PENSIONER'S AND
SPOUSE માટે કેશલેસ સુવિધા ઉપલબ્ધ
વધુ માહિતી માટે સંપર્ક કરો :- અમિત પટેલ (M) :- 7572936190, 8238136190
બીજો માળ, ઉપનિષદ કોમ્પ્લેક્ષ, શ્રધ્ધા હિરો શોરૂમ ની ઉપર
શ્રેયસ ફ્લાય ઓવરબ્રિજના નીચે, માણેકબાગ, આંબાવાડી, અમદાવાદ
079 26445011, 079 26445014, www.drtejasgandhi.com

## તા. ૨૪-૦૩-૨૦૨૬ના રોજ એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન, દિલ્હી સર્કલની ચૂંટણીનું ફેડરેશનના વાઈસ પ્રેસિડેન્ટ શ્રી કમાલ કાદરીના નેતૃત્વમાં સફળ સંચાલન



તા.૨૫ ઓગસ્ટ-૨૦૨૫ના રોજ ઐતિહાસિક રાયપુર કોન્ક્લેવમાં નવનિર્મિત ગવર્નિંગ બોડી દ્વારા લેવામાં આવેલા નિર્ણય અનુસાર, ફેડરેશન ઓફ એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન (FSBIPA) એ સહકારી મંડળીઓના રજિસ્ટ્રારના નિર્દેશો અનુસાર, એસબીઆઈપીએ-દિલ્હી સર્કલમાં ગતિરોધ સફળતાપૂર્વક ઉકેલ્યો છે અને ચૂંટણીઓનું સંચાલન ન્યાયી, પારદર્શક અને યોગ્ય રીતે નિયંત્રિત રીતે સુનિશ્ચિત કર્યું છે.




આ ઐતિહાસિક પ્રસંગે શ્રી કમાલ કાદરીના નેતૃત્વમાં ચૂંટણી સમિતિ દ્વારા ભજવવામાં આવેલી ઉત્કૃષ્ટ ભૂમિકાને અમે બિરદાવીએ છીએ. ચૂંટણી સમિતિમાં શ્રી અતુલ સ્વરૂપ, શ્રી રમેશ સક્સેના, સ્થાનિક સંયોજક શ્રી વિજયકુમાર આર્ય અને અન્ય સભ્યોએ પૂરેપૂરો સહકાર આપ્યો હતો. અમદાવાદ, લખનૌ અને જયપુર એસોસિયેશનના સ્વયંસેવકોના પ્રશંસનિય પ્રયાસો ખાસ પ્રશંસાને પાત્ર છે. ચૂંટણી દરમિયાન સ્વયંસેવકોએ સમર્પિત કાર્ય કરીને દિલ્હી પેન્શનર્સ એસોસિયેશનના સદસ્યોના દિલ જીતી લીધા. લાંબા સમયથી પડતર સમસ્યાને સફળતાપૂર્વક નિરાકરણ લાવવામાં FSBIPA ના શિખર પર ઐતિહાસિક સિદ્ધિનું એક પીંછું ઉમેરાયું છે.

દિલ્હી સર્કલના પેન્શનરોનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ચૂંટણીમાં ભાગ લીધો અને પોતાના પ્રતિનિધિઓની પસંદગી કરીને લોકશાહી મૂલ્યોની પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવી.

અમે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, દિલ્હી સર્કલના ચીફ જનરલ મેનેજર, ડે. જનરલ મેનેજર અને સર્કલ ડેવલપમેન્ટ ઓફિસર, એજીએમ (પીપીજી) શ્રી તિવારી અને અન્ય મેનેજમેન્ટ અધિકારીઓનો પણ તેમના સહકાર માટે આભાર માનીએ છીએ.

અમને વિશ્વાસ છે કે નવી ચૂંટાયેલી ટીમ પાયાના સભ્યોની અપેક્ષાઓ પર ખરી ઉતરશે અને તેમના કલ્યાણ માટે સમર્પિતપણે કાર્ય કરશે.

છેલ્લે ચૂંટણી પ્રક્રિયાને સરળ અને સફળ રીતે પૂર્ણ કરવામાં સહકાર આપવા બદલ અમે તમામ ચૂંટણી લડી રહેલા ઉમેદવારોનો આભાર માનીએ છીએ. ફરી એકવાર ચૂંટણી સમિતિના કન્વિનર શ્રી કમાલ કાદરી અને તેમની સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

ખાસ એસબીઆઈપીએ-અમદાવાદના ઓફિસ બેરર અને રીટાયર્ડ ડીજીએમ શ્રી કુલીન મહેતાની આગેવાનીમાં સમગ્ર આઈ.ટી.ના નિવૃત્ત પેન્શનરોએ દિલ્હીની ચૂંટણીમાં ઉત્કૃષ્ટ કામ કરવા બદલ ફેડરેશન તથા એસબીઆઈપીએ-ગાંધીનગર સર્કલ દિલથી અભિનંદન પાઠવે છે.

**જી. ડી. નડાફ-મહામંત્રી-**FSBIPA



# ૨૦૦૧માં વીઆરએસ લેનાર સભ્યોની નિવૃત્તિની રજત જયંતિની ઉજવણી
## -: અમદાવાદ ખાતે ઉજવાઈ :-




એસબીઆઇ પેન્શનર્સ એસોસિયેશન, અમદાવાદ દ્વારા તા. ૩૧-૦૩-૨૦૦૧નાં રોજ વીઆરએસ લેનાર સભ્યોને તા. ૦૧-૦૪-૨૦૨૬ના રોજ નિવૃત્તિના ૨૫ વર્ષ પૂર્ણ થતા હોઈ અમદાવાદ સ્થિત સભ્યો માટે તા. ૦૪-૦૪-૨૦૨૬ના રોજ એસબીઆઇ અમદાવાદ એડમિન ઓફિસ, લાલ દરવાજા ખાતે નિવૃત્તિના ૨૫ વર્ષની ઉજવણીનો કાર્યક્રમ યોજવવામાં આવ્યો. જેમાં એસબીઆઇ પેન્શનર્સ એસો.ના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, જોઈન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી રમણ વાઘેલા, ગુણવંત પટેલ, કાન્તીલાલ પરમાર, કમિટી સદસ્યો સર્વશ્રી એ. કે. બથવાર, મહેશભાઈ પારેખ, આર. વી. મકવાણા, કે. એન. મહેતા, સુભાષ પટેલ, ક્રિષ્નામૂર્તિ, સી. ડી. વાઘેલા તેમજ વિશાળ સંખ્યામાં વી. આર. એસ. લેનાર પેન્શનરો ઉપસ્થિત રહ્યા હતા.

આ મિટીંગમાં ખાસ નજરાણા તરીકે ઉપસ્થિત પેન્શનરોએ તેમની ૨૫ વર્ષની નિવૃત્તિની યાદગાર સફરને પોતાના શબ્દો દ્વારા વાગોળમાં આવી. તેમના શબ્દોમાં એસબીઆઈપીએ માટે અનહદ ઉત્સાહ, પ્રેમ, સ્નેહ અને સમર્પણ પ્રદર્શિત થતા દેખાયા. સ્વૈચ્છિક નિવૃત્તિ સમયે તેમને જે માન-સન્માન ન મળ્યું તે આજે નિવૃત્તિના ૨૫ વર્ષ બાદ એસબીઆઇ પેન્શનર્સ એસો.ને તેમને આપ્યું છે. ખાસ કરીને શ્રી કમાલ કાદરીજીએ આ કાર્યક્રમ યોજીને તેમના પ્રત્યેનો સ્નેહ, લાગણીની અનુભૂતિ કરાવી તે માટે સૌના હૃદયમાંથી આભારના ઉદ્‌ગારો નીકળ્યા હતા. એસબીઆઈપીએના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ તેમના વક્તવ્યમાં જુની યાદોને વાગળતા કહ્યું કે આપ સૌએ માતૃ સંસ્થા સ્ટેટ બેંકમાં સમર્પણ, પ્રમાણિકતા અને ગર્વનું સિંચન કર્યું. આજના રજત જયંતી ઉજવણીના ખાસ દિવસે આપણે વિદાયની ભાવનાથી નહિ, પરંતુ તમે બનાવેલા વારસા માટે ઊંડી કૃતજ્ઞતા સાથે ભૂતકાળને વાગોળીએ. તમે જે કોરીડોરમાં ચાલ્યા હતા તે આજે પણ તમારી પ્રતિબદ્ધતા અને હૂંફથી ગૂંજતા રહ્યાં છે. તમારા માર્ગદર્શનથી યુવાનોને દિશા મળી. તમારી અમૂલ્ય સેવાઓએ એસબીઆઈના પાયાને મજબૂત બનાવ્યો જેના પર એસબીઆઈની વિકાસ યાત્રા આગળ વધી રહી છે. વર્ષો વિતી ગયા હોવા છતાં તમારૂં યોગદાન હંમેશા યાદ રહેશે. તમે તમારા ડેસ્કથી દૂર થઇ ગયા હશો. પરંતુ અમારા હૃદયમાંથી ક્યારેય નહિ. તમે જે વારસો મૂકીને ગયા છો તે આવનારી પેઢીઓને પ્રેરણા આપી. આ સિમાચિન્હ ફક્ત નિવૃત્તિના ૨૫ વર્ષ વિશે નથી તે તમારી જીવનભરની પ્રતિબદ્ધતા અને શ્રેષ્ઠતાની ઉજવણી છે.

આ રજત જયંતીના ખાસ દિવસે તમારી યાત્રા, તમારી મિત્રતા અને આપણા લાગણીભર્યા સંબંધોને સલામ કરીએ છીએ. આપ સૌના એસબીઆઈપીએ સાથેના લાગણીભર્યા સંબંધોને ખૂબ જ મજબૂતાઈ સાંપડી છે. અંતમાં શ્રી કમાલભાઈ સૌના તંદુરસ્તીસભર સ્વાસ્થ્ય, ખુશીઓ અને દીર્ઘાયુ માટે હૃદયપૂર્વકની શુભેચ્છાઓ સાથે અભિનંદન પાઠવ્યા. કાર્યક્રમના અંતે સૌએ સાથે મળી સુમધુર ભોજનનો સ્વાદ માણી છુટા પડ્યા.





# એસબીએસ રિટાયરીઝ ફોરમની વાર્ષિક કોન્ફરન્સ તા. ૨૯-૦૩-૨૦૨૬, વડોદરા મુકામે યોજાઈ







એસબીએસ રિટાયરીઝ ફોરમ-ભાવનગરની વાર્ષિક કોન્ફરન્સ તા. ૨૯-૦૩-૨૦૨૬, રવિવારે અમીન પાર્ટી પ્લોટ, સુભાનપુરા, વડોદરા મુકામે યોજાઈ હતી

કોન્ફરન્સનો સત્તાવાર પ્રારંભ રાષ્ટ્રગીત સાથે થયો. ત્યારબાદ ગત વર્ષ દરમિયાન અવસાન પામેલા સાથીઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

સૌ મહાનુભાવોએ મંચ પર સ્થાન ગ્રહણ કર્યા બાદ તેમનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. શ્રી રાજુભાઈ સરવૈયાએ સ્વાગત પ્રવચન આપતા ફોરમના અગ્રણીઓ, એસબીઆઇ પેન્શનર્સ એસોસિએશનનાં હોદ્દેદારો સહિત તમામ ઉપસ્થિતોને ઉમળકાભેર આવકાર આપ્યો હતો.

ફોરમનો આશય સ્પષ્ટ કરતા શ્રી બી. પી. જાગાણીએ સંગઠિત પ્રયાસોથી મળેલાં તથા મળનારા સુખદ પરિણામો વિશે વાત કરી. એમણે એસબીએસ સમયની શ્રદ્ધાંજલિ યોજનાને ટ્રિબ્યુટ યોજના સ્વરૂપે ફરી દાખલ કરાવી શક્યા એ બાબતે ખુશીની લાગણી વ્યક્ત કરી. એસબીએસ દ્વારા કર્મચારીઓનાં પીએફનાં રોકાણમાંથી મળેલ વળતર અને કર્મચારીઓને ચૂકવવામાં આવતા વળતર વચ્ચેના તફાવતથી ઉભા થયેલ સરપ્લસ રૂા. ૭૨ કરોડના ભંડોળ મુદ્દે ન્યાય મેળવવાની નેમ એમણે વ્યક્ત કરી. આ ભંડોળ બેન્કનું નથી, પણ કર્મચારીઓનાં પીએફ ફંડના રોકાણથી જમા થયેલ સરપ્લસ છે. તેમાંથી એસબીએસ કર્મચારીઓ માટે ચલાવાતી કલ્યાણ પ્રવૃત્તિઓ પુનઃ સ્થાપિત થવી જોઈએ એવી મજબૂત માંગ એમણે કરી. એસબીઆઇ પેન્શનર્સ એસોસિએશનનું વર્તમાન નેતૃત્વ આ માંગણી પરત્વે મજબૂત લડત આપવા માટે તત્પર છે તે બાબત પર એમણે સંતોષ વ્યક્ત કર્યો હતો. એસબીઆઇ પેન્શનર્સ એસોસિએશનનું સભ્યપદ ન હોય એવા તમામને એમણે સભ્ય બની જવા હાકલ કરી હતી. એસબીએસ સમયે થતી મજબૂત ટ્રેડ યુનિયન પરંપરાઓનો એમણે વિશેષ ઉલ્લેખ કર્યો.

એસબીઆઇ પેન્શનર્સ એસોસિએશન-અમદાવાદ સર્કલના પ્રમુખશ્રી રમેશ ચોક્સી સાહેબે પ્રસંગોચિત વક્તવ્ય આપતાં વર્તમાન નેતૃત્વના સકારાત્મક અભિગમના અનેક દૃષ્ટાંતો આપ્યા હતા. આગામી ચૂંટણી સર્વસંમતિથી થાય એવી ઈચ્છા એમણે વ્યક્ત કરી હતી. જે સાચા અર્થમાં કાર્ય કરવા માગતા હોય એવા તમામ કાર્યકર્તાઓને જોડાવા માટે એમણે ઈજન આપ્યું હતું. આ માટે સભાસદો પ્રત્યે પ્રતિબદ્ધતા, સંસ્થા પ્રત્યે નિષ્ઠા અને જાત ઘસવાની તૈયારી હોય એવા કાર્યકરોને સામેલ કરવા માટે એમણે ઉત્સુકતા વ્યક્ત કરી હતી.

એસબીઆઇ પેન્શનર્સ એસોસિયેશનનાં જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી સાહેબે ટ્રિબ્યુટ યોજના સહિત સફળતાપૂર્વક થયેલ તમામ કામોની વિસ્તૃત રૂપરેખા આપી હતી. એસબીએસ સંબંધિત અનેક કામો હાથ ઉપર લઈને તેને ઉકેલવામાં એસોસિએશને ઉઠાવેલી જહેમત વિષે એમણે સૌને માહિતગાર કર્યા હતા. ૭૨ કરોડના ભંડોળ સહિત તમામ બાબતે નિરાકરણ લાવવાની વચનબદ્ધતા પણ એમણે વ્યક્ત કરી હતી.

વડોદરા મોડ્યુલનાં ડીજીએમ શ્રી સલીમ એહમદ સાહેબે આ પ્રકારના કાર્યક્રમમાં હાજર રહેવા માટે સદૈવ તત્પર હોવાની લાગણી પ્રદર્શિત કરી. પેન્શનરોના તમામ વાજબી મુદ્દાઓને સકારાત્મક રીતે ઉકેલવાની તત્પરતા દર્શાવી હતી.

બેંકના નિવૃત્ત સીજીએમ શ્રી કલ્પેશ અવાસિયાએ પ્રસંગોચિત્ત વક્તવ્ય આપ્યું હતું.

એસબીઆઇ પેન્શનર્સ એસોસિએશનનાં વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘીએ ઉદ્‌બોધન કરતા સંગઠનની તાકાત વિશે ચર્ચા કરી હતી. એમણે પોતાના વક્તવ્યમાં મેઘાણીભાઈની રચના ગાઈને વાતાવરણમાં ઉત્સાહનો સંચાર કર્યો હતો.

કોન્ફરન્સ સેક્રેટરી શ્રી જી. બી. ડોડીયાએ આભારદર્શન કરતા તમામ મંચસ્થ મહાનુભાવો, સંગઠનના આગેવાનો, પેન્શનર્સ એસોસિએશનનાં પદાધિકારીઓ, ઉપસ્થિત સભાસદો



તથા કોન્ફરન્સને સફળ બનાવનાર ટીમ વડોદરાના કાર્યકર્તાઓનો વિશેષ આભાર માન્યો હતો.

કોન્ફરન્સના મહત્ત્વપૂર્ણ તબક્કામાં નિવૃત્ત મિત્રો ને એમના પ્રશ્નોના નિરાકરણમાં અને વિવિત પ્રતિભાઓ ધરાવતા કાર્યકર મિત્રોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું.

કોન્ફરન્સ સફળ બનાવવા માટે અનેક સાથીઓએ આર્થિક સહયોગ આપ્યો હતો. તેમાં સવિશેષ ઉલ્લેખનીય સર્વશ્રી હસમુખ અનંતરાય શાહ, સુભાષ મહેતા, સુરેશ બી. ચૌહાણ મુખ્ય રહ્યા હતા.

કોન્ફરન્સનો સત્તાવાર પ્રારંભ થાય એ પહેલા ભાવનગરના કલાકાર મિત્રોએ ફિલ્મ સંગીતની કાબિલેદાદ રજૂઆત કરી અને તમામ સહભાગીઓના દિલ જીતી લીધા હતા.


સમગ્ર કોન્ફરન્સનું મંચ સંચાલન સર્વશ્રી દિનેશ ધોળકિયા તથા પ્રશાંત ત્રિવેદીએ કર્યું.

## પેન્શનર્સ પ્રકાશ માટે અગત્યની સૂચના

**સૌ પ્રથમ આપણા એસોસિયેશન દ્વારા નિયમિતપણે પેન્શન પ્રકાશનો અંક દરેક સભ્યના રેકોર્ડ પરના સરનામે મોકલવામાં આવે છે. વર્તમાન સમયમાં ઘણાં બધાં સભ્યો દ્વારા હાર્ડ કોપીના બદલે ઈ-મેઈલ કે વોટ્સઅપમાં સોફ્ટ કોપી મોકલવા માટેની રજુઆત કરવામાં આવી છે, ત્યારે તમામ સભ્યોને ખાસ વિનંતી કે જે સભ્યોને હાર્ડ કોપીના બદલે સોફ્ટ કોપી મેળવવી હોય તેમણે એસો.ના વોટ્સઅપ નંબર 99982 65158 ઉપર કે ગાંધીનગર સર્કલનાં કોઈ પણ હોદ્દેદારના વોટ્સઅપમાં આપની સંમતિ મોકલી આપવી. વધુમાં જે મિત્રોનાં સરનામાં બદલાયેલ છે તેઓએ પણ નવું સરનામું, એસોસિયેશના e-mail: gujpension@gmail.com ઉપર અથવા whatsapp no. 99982 65158 માં મોકલી આપવા વિનંતી.**



# મંથલી મિટીંગ-અમદાવાદ




એસબીઆઈપીએ-અમદાવાદ દ્વારા તા. ૧૫-૦૪-૨૦૨૬ના રોજ એપ્રિલ મહિનાની મંથલી મિટીંગ એડમિન ઓફિસ, લાલ દરવાજા ખાતે યોજાઈ. જેમાં ડો. રુચિ શાહ (ઓડીયોલોજીસ્ટ અને સ્પિચ લેન્ગવેજ થેરાપીસ્ટ) સાથે ડો. વિરલ શાહ (ગેસ્ટો સર્જન) ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ ડો. રુચિ શાહ દ્વારા બહેરાશ થવાના કારણો, તેના પ્રકાર, તેનું નિદાન, નિદાન પ્રક્રિયા ઉપરાંત હીયરીંગ એડ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ ઉપસ્થિત પેન્શનરોના પ્રશ્નોના જવાબ આપ્યા હતા.



ત્યારબાદ ડો. વિરલ શાહ (ગેસ્ટ્રોસર્જન) દ્વારા પેટના દર્દો, હરસ, મસા, સારણગાંઠ, આંતરડાના રોગો વિશે પ્રેઝન્ટેશન રજુ કહ્યું હતું. તેમજ દરેક રોગ થવાના કારણો તેમજ તેના નિરાકરણ માટેના ઉપાયો બતાવ્યા હતા. તેમજ ખોરાક તથા કસરત અને જીવનશૈલીના બદલાવ સહિતના




ઉપાયો બતાવ્યા હતા. એસબીઆઈપીએના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી પી. જી. પારઘી, જોઈન્ટર જનરલ સેક્રેટરી સર્વશ્રી રમણ વાઘેલા, ગુણવંત પટેલ, કાન્તીલાલ પરમાર, સંગઠન મંત્રી કે. વી. શાહ, ટ્રેઝરરશ્રી રવિ સોલંકી, ડીજીએસ શ્રી મુકેશ દવે, કમિટી સદસ્યો સર્વશ્રી એ. કે. બથવાર, આર. વી. મકવાણા, ક્રિષ્નામૂર્તિ, કે. એન. મહેતા, રાજુ શાહ, સુભાષ પટેલ, રમેશ મહાવર, રેખાબેન નિખારે, આનંદ રાઠીના પાર્થ પંડ્યા, તેમજ મેડીઆસીસ્ટના શ્રી અજિતેશકુમારની સાથે મોટી સંખ્યામાં પેન્શનરો ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમના અંતમાં જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ ફેડરેશન લેવલે થયેલ કાર્યો તેમજ ફેડરેશન દ્વારા દિલ્હી સર્કલ પેન્શનર્સ એસોસીએશનની તેમના નેતૃત્વમાં સફળતાપૂર્વક ચૂંટણી યોજાઈ તેની વિગતવાર વાત કરી હતી સાથે ૪૦ થી ૫૦ ટકા પેન્શનમાં વધારો, ડિસેબલ ચાઈલ્ડ વિગેરે વિષયોમાં થયેલ કામોની વિગત આપી હતી. ખૂબ જ આનંદમય વાતચીત વચ્ચે મિટીંગ સંપન્ન થઈ હતી.





# આણંદના આંગણે યોજાયો "હેલ્થ અવેરનેસ" પ્રોગ્રામ






એસબીઆઈ પેન્શનર્સ એસો. આણંદ/નડિયાદ યુનિટ તથા ઝાયડસ હોસ્પિટલ આયોજિત હૃદયમંચ "હેલ્થ અવેરનેસ" કાર્યક્રમ તા. ૧૦-૦૪-૨૦૨૬ના રોજ ઓડીટોરીયમ, ત્રીજા માળે, ઝાયડસ હોસ્પિટલ-આણંદ ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં ઝાયડસ હોસ્પિટલના હૃદયના નિષ્ણાંત ડો. ઋત્વિક ત્રિવેદી (સિનિયર કાર્ડિયોલોજીસ્ટ) અને ડોક્ટર ટીમ દ્વારા હૃદય રોગની વાર્તાલાપથી માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં ફેડરેશનના વાઈસ પ્રેસિડેન્ટ અને એસબીઆઈ પેન્શનર્સ એસો.-ગાંધીનગર સર્કલના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, પ્રમુખ શ્રી આર. એન. ચોક્સી, વાઈસ પ્રસિડેન્ટશ્રી પી. જી. પારઘી, જો. જનરલ સેક્રેટરી શ્રી ગુણવંતભાઈ પટેલ, શ્રી પ્રવીણભાઈ વૈદ્ય તેમજ મોટી સંખ્યામાં પેન્શનરો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન એસબીઆઈ પેન્શનર્સ આણંદ યુનિટના ઈસી મેમ્બર શ્રી વિનોદરાય માવાણી અને ઝાયડસ હોસ્પિટલના માર્કેટીંગ એડમિનિસ્ટ્રેશન ટીમ કરવામાં આવેલ.


# રસપ્રદ અને માહિતીપૂર્ણ ઘટનાઓ ડોક્ટરના મુખેથી...

Q રમેશભાઈ ઓછું દેખાતું'તું અને આંખમાંથી પાણી પડતું'તું એટલે આંખના ડોક્ટરને બતાવવા ગયા. એમના મનમાં ગૂંચવણ એ હતી કે એમણે ૪ જુદી જુદી જગ્યાએ બતાવ્યુ હતું. અને નિદાનમાં સહેજ સહેજ ફરક આવતો'તો. એ પોતે ગૂંચવાઈ ગયા'તા કે અમુક ડોક્ટર એમને એવું કહ્યું કે એમને મોતિયો છે અને ઓપરેશન કરાવવું જોઈએ. અને અમુક ડોક્ટર એવું કહે છે કે હાલ કઈ ખાસ ઓપરેશનની જરૂર નથી. તો રમેશભાઈ એ શું કરવું જોઈએ?

A આવા ઘણા દર્દી આવે છે કે જે ગૂંચવાયેલા હોય છે. આમાંથી એક પણ જવાબ ખોટા નથી. નિર્ણય દર્દી અને તેમના ડોક્ટરે સાથે મળીને કરવો જોઈએ. આંખમાં એક લેન્સ છે કે જે કેમેરાની જેમ ફોટા પાડે છે. ઉંમરની સાથે સમયની સાથે અંદરનો આ ફોટા પાડવાવાળો લેન્સ દૂધિયો થતો જાય છે અને જોવાનું ધીમે ધીમે ઝાંખું થતું જાય છે.શરૂઆતમાં ઓછા પ્રકાશમાં અને સામેથી લાઈટ આવે ત્યારે જોવાની વધારે અગવડ પડે છે. જે લોકોની એકદમ એક્ટિવ લાઈફ હોય,વહેલી સવારે કે સમી સાંજે વાહન ચલાવવું પડતું હોય અથવા તો વાહન ચલાવવાનો વ્યવસાય હોય એ લોકોએ આ સમયે ડોક્ટર સાથે મળી અને અધ્યતન ટેકનોલોજી સાથે આંખનું ઓપરેશન કરવી લેવું જોઈએ. કેટલાક મોતિયા ઉંમર સાથે ધીમે ધીમે વધ્યા કરે છે જેવા કે ન્યુક્લિયર કેટરેક્ટમાં શરૂઆતમાં જોવાની બહુ તકલીફ નથી પડતી. ચશ્માના નંબર ચેન્જ કરી અને મોતિયાના ઓપરેશનને પાછું ઠેલવી શકાય છે. અલબત્ત જેમ ઉંમર સાથે વધે છે, માથાના વાળ સફેદ થાય તેમ મોતિયો સમય સાથે વધે જ છે. પરંતુ થોડા ઘણા અંશે ઝાંખું થવાની સમસ્યાને યોગ્ય ચશ્મા આપીને નિભાવી શકાય છે અને મોતિયાના ઓપરેશનને પાછું ઠેલવી શકાય છે. પણ આવા મોતિયામાં પણ થોડાક મહિનાઓમાં કે થોડાક વર્ષોમાં જોવાનું વધુ ઝાંખું લાગે છે, રસ્તા પરના બોર્ડ ઝાંખા દેખાય છે, પોતાના ઓળખીતા લોકો પણ નજીક આવે પછી ઓળખાય છે. દરેક વ્યક્તિએ એક પછી એક આંખ બંધ કરીને નજર માપવી જોઈએ. જેથી એક આંખે ખાસો એવો મોતિયો વધી જાય ત્યાં સુધી ખબર ના પડે અને કોમ્પ્લિકેશન થાય એવું ના થાય. મોતિયાના ઓપરેશનને વહેલું કરવું પણ જરૂરી નથી અને મોડું થવા દેવું પણ જરૂરી નથી. જો સમયસર અધ્યતન નવીનતમ ટેકનોલોજીથી મોતિયાનું ઓપરેશન કરવામાં આવે તો તરુણ જેવી સ્પષ્ટ અને ધારદાર નજર પાછી આપી શકાય છે. તરુણને જેમ નજીક-દૂરના કે બેતાળાના ચશ્મા ના હોય, તેવી જ રીતે નવા જમાનાના વડીલો કે જે મોતિયાના ઓપરેશન કરાવે છે તો નેત્રમણીનું પ્રત્યારોપણ જ એવી રીતે કરવામાં આવે કે નજીક-દૂરના ચશ્મા ઉપર બિલકુલ આધાર ના રહે. ઓપરેશનમાં ખુલ્લી આંખે અંદર જવાનું, ખુલ્લી આંખે બહાર આવવાનું, પાટો નહીં, પટ્ટી નહીં, કાળા ચશ્મા નહીં, ઈન્જેક્શન નહીં, બે કલાકમાં રસોઈ પણ કરી શકાય, ટીવી પણ જોઈ શકાય અને વાહન પણ ચલાવી શકાય. બીજા દિવસે મોટા ભાગના લોકો પોતાના રૂટિન કામે ઓફિસ જવાનું કે વાહન ચલાવવાનું કામ ચાલુ કરી દેતાં હોય છે.



ડૉ. તેજલ દલાલ
M.S. (Ophthal.) Member of American Academy

છેલ્લા 20 વર્ષથી SBI પેન્શનરોને સેવા આપી રહ્યા છે.

ગાંધીનગર | વિજય ચાર રસ્તા | ચાંદખેડા | મોડાસા | સાબરકાંઠા

એપોઈન્ટમેન્ટ બુક કરવા માટે
77780 57500

Celebrating 25 of Visionary Care!

TEJ EYE CENTER
THE EYE HOSPITAL

# પેન્શનર્સ મીટ તથા મેડીકલ કેમ્પ ભરૂચ ખાતે યોજાયો





એસબીઆઇ પેન્શનર્સ એસો. ભરૂચ યુનિટ દ્વારા તા. ૧૧-૦૪-૨૦૨૬ના રોજ જીન્જર હોટેલ, સ્ટેશન રોડ, ભરૂચ ખાતે પેન્શનર્સ મીટ, દામ્પત્ય જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર, જીવનના ૭૦ વર્ષની વય પૂર્ણ કરનાર વડીલોનું સન્માન, તેમજ કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ અને મેડીકલ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ દ્વારા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં એજીએમશ્રી યાદવેન્દ્રકુમાર રાકેશ, એસબીઆઈપીએ-ગાંધીનગર સર્કલના પ્રેસીડેન્ટ શ્રી આર. એન. ચોક્સી, ફેડરેશનના વાઈસ પ્રેસિડેન્ટ અને જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી સુભાષ પટેલ, સુરત મોડ્યુલના ડીજીએસ  શ્રી આર. આર. દેસાઈ તથા વડોદરા મોડ્યુલના ડીજીએસ શ્રી સુધીર જાની, મેડીકલ કેમ્પનું આયોજન કરનાર માર્કેટીંગ મેનેજર શ્રી દિનકરભાઈ દુબે, ૫૦ વર્ષનું દાંપત્યજીવન પૂર્ણ કરનાર તેમજ ૭૦ વર્ષની વય પૂર્ણ કરનાર નિવૃત્ત વડીલો, ભરૂચ જિલ્લાના પેન્શનર્સને આવકાર્યા હતા. એજીએમ શ્રી યાદવેન્દ્રકુમાર રાકેશ, એસબીઆઈપીએના પ્રમુખશ્રી આર. એન. ચોક્સી, જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ પ્રસંગોચિત્ પ્રવચન કર્યા હતા. ત્યારબાદ ૫૦ વર્ષનું દામ્પત્યજીન પૂર્ણ કરનાર તેમજ ૭૦ વર્ષની વય પૂર્ણ કરનારનું સન્માન કરવામાં આવેલ. સન્માનિત તમામ પેન્શનરોમાં એક અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. શ્રી કમાલ કાદરીએ પેન્શનરોના હિતોને લગતી, સ્થાનિક, સર્કલ તેમજ રાષ્ટ્રીય સ્તરે ચાલતી ગતિવિધિ તેમજ વર્તમાન પ્રવાહ વિશે માહિતી આપી હતી. કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ અને રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા મેડીકલ કેમ્પમાં ડોક્ટરોની વિશેષ ટીમે મેડીકલ ચેકઅપ અને માર્ગદર્શન આપેલ. પેન્શનરોમાં આનંદની લાગણી સાથે મિટીંગ સંપન્ન થઈ. સમગ્ર કાર્યક્રમનું આયોજન કમિટી મેમ્બર શ્રી જોરસંગભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું.

AMRISH SHAH +91 93270 08653 HARSHIT SHAH +91 99789 08869

हमारी सेवाएं

✓ Mutual Funds
✓ GOI Bonds
✓ Life Insurance
✓ Fixed Deposite

PIFCON SERVICES LLP SINCE 1981

✓ Public Issues
✓ Capital Gain Bonds
✓ General Insurance
✓ N C D Bonds

POOJA INVESTMENT
G/22, Hemkoot Building,
Near Gandhigram Railway Station,
Ashram Road, Ahmedabad - 9, Gujarat, INDIA

Email: info@poojainvestment.com Website: www.poojainvestment.com

# અસહાય બાલિકાઓની મદદે એસબીઆઈપીએ-ભરૂચ યુનિટ

## એસબીઆઈપીએ-ભરૂચ યુનિટ દ્વારા બે સેવાના કાર્યો કરવામાં આવ્યા



SBIPA-ગાંધીનગર સર્કલના પ્રમુખ શ્રી આર. એન. ચોક્સીના નેતૃત્વમાં ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ-ભરૂચની ૬૭ આદિવાસી મા-બાપ વગરની દિકરીઓને એક ટી-શર્ટ અને એક લેગનું વિતરણ કરવામાં આવેલ. સાથે નાસ્તામાં બિસ્કીટના પેકેટનું આયોજન કમિટી સદસ્ય શ્રી જોરસંગભાઈ પરમાર દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં એસબીઆઈપીએ-ગાંધીનગર સર્કલના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, સુરત મોડ્યુલના ડીજીએસ શ્રી આર. આર. દેસાઈ અને અન્ય કમિટી સદસ્યો ઉપસ્થિત રહ્યાં હતા.




સંરક્ષણ કેન્દ્ર-ભરૂચમાં ૧૫ બહેનોને ગરમ ધાબળા વિતરણ કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં ભરૂચના સભ્યશ્રી મોઈજભાઈ બારદાનવાલા, શ્રી દિલીપસિંહ, શ્રી ભરતભાઈ થાનકી, શ્રી કિરીટભાઈ પાઠક અને શ્રી રમેશભાઈ મિસ્ત્રી ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કમિટી સદસ્ય શ્રી જોરસંગભાઈ પરમાર દ્વારા કરવામાં આવેલ.

*With Best Compliments*
*from*

Dr. Manjit Sing Bhalla

**Dental Surgeon (B.D.S.)**
to

**SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE**

**Bhalla Dental Clinic and Implant Centre**

2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta,Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA

**E-mail :** msbhalla@drbhalla.com
**Tel. Clinic:**+91 79 26730407, 9033050240
**Resi. :** 91+91 79 26852946, 26852744

**(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm**

**Note : Free Consultation for All SBI Pensioners**

# ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતિની ઉજવણી અમદાવાદ ખાતે







દર વર્ષે ૧૪મી એપ્રિલે ભારતભરમાં "ભારતરત્ન્", "બંધારણના ઘડવૈયા", ડો. બાબા સાહેબ આંબેડકરજીની જન્મજયંતિની ઉજવણી ઉમંગ અને ઉલ્લાસથી ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે તા. ૧૪-૦૪-૨૦૨૬ને મંગળવારના રોજ સારંગપુર સર્કલ, અમદાવાદ ખાતે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન દ્વારા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી "રક્તદાન શિબિર"નું આયોજન કરવામાં આવેલ. આ રક્તદાન શિબિર દરમિયાન કુલ ૨૩ વ્યક્તિઓએ રક્તદાન કરી આ સેવા યજ્ઞમાં સહભાગી થયેલ. એસબીઆઇ પેન્શનર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરી, જોઇન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી રમણ વાઘેલા, કાન્તીલાલ પરમાર, ટ્રેઝરરશ્રી રવિ સોલંકી, કારોબારી સભ્ય સર્વશ્રી એ. કે. બથવાર, આર. વી. મકવાણા, આર. કે. પરીખ, સક્રિય કાર્યકરો સર્વશ્રી પી. વી. સોલંકી, ડી. કે. દલાલ, રવિ વાઘેલા, જે. કે. આર્ય, જે. એફ. પરમાર વિગેરેએ ખાસ સેવા આપી હતી. એસબીઆઇ એમ્પ્લોઇઝ યુનિયનના જનરલ સેક્રેટરી શ્રી નિતેશ પરમાર, પૂર્વ જનરલ સેક્રેટરી શ્રી અનિલ દાવર, અમદાવાદ યુનિયનના ડીજીએસ શ્રી રાજુભાઇ પટેલ, યુનિયનના પૂર્વ પ્રમુખ શ્રી કિશોર ઘટાડ, યુનિયનના પૂર્વ સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી ડી. એસ. પરમાર (ડીએસપી), યુનિયનના પૂર્વ નેતા શ્રી સતીષ સોલંકી, સેવાના પૂર્વ જનરલ સેક્રેટરી શ્રી ડી. એમ. વર્મા, સેવાના પૂર્વ પ્રમુખ સર્વશ્રી વિઠ્ઠલભાઇ મકવાણા, પી. ડી. બોરીચા તથા યુનિયન અને સેવાની ટીમના કાર્યકરો દ્વારા આપણા રક્તદાન શિબિરની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ખૂબ જ ઉમંગ અને ઉત્સાહથી ડો. બાબા-સાહેબની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી.



# ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મ જયંતિની ઉજવણી રાજકોટ ખાતે





“ભારતરત્ન” ડો. ભીમરાવ આંબેડકરની જન્મ જયંતીની ઉજવણી તા. ૧૪-૦૪-૨૦૨૬ના રોજ સિવીલ હોસ્પિટલ ચોક, એસબીઆઇ બેન્ક પાસે, રાજકોટ ખાતે આંબેડકર સાહેબ વંદના કાર્યક્રમમાં એસબીઆઈપીએના સભ્યોએ ખૂબ જ હર્ષ અને આનંદ સાથે ડો. ભીમરાવ આંબેડકરજી ની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે એસબીઆઈપીએના રાજકોટ મોડ્યુલના ડીજીએસ શ્રી શરદચંદ્ર દવે, કમિટી સભ્ય સર્વશ્રી શિરીષ કચ્છી, દક્ષિણભાઈ જોષી, સી. એમ. મુંગલપરા, જીતુ ગણાત્રા ઉપરાંત શ્રી બિપીનભાઈ સંઘવી, અનુપમ દોશી, કમલેશ પંડ્યા, ધીરેન માંકડ સહિત અનેક સભ્યો ઉપસ્થિત રહેલ.

## FLASH

### Court Case No. 1875/2013 regarding 40/50 pending before Honourable Delhi High Court

Bank has implemented pension at 50% of average 12 months substantive salary with half PQP and half of FPP Incremental component with effect from 10.11.2023 instead of 01.03.1999. The decision was challenged by the Federation and filed an amended petition for implementation of the revised fromula with effect from 01.03.1999. The case came up for hearing from 28th January 2026, subsequently to 18th February 2026 and posted to 23th March 2026. It was further posted to 26.05.2026 for final hearing and judgement.

### Issues relating to e-Associate Bank retirees

There are many issues of retirees of e-Associate Banks which require immediate attention. Federation has requested all affiliates to collect such grievance and present it to Vice President Sri. Ramesh P. Saxena, Convenor small Committee to take up witch appropriate authorities. our General Secretary Shri Kamal Kadri is also member of the committee.

### M C Singla case for pension updation

The hrearing scheduled for February 18, 2026, is widely viewed as a potential "turning point" for the M. C. Singla vs. Union of India case. Since the case is marked as "Partly-Heard", it is effectively at the front of the line for the bench of Justice Vikram Nath and Justice Sandeep Mehta. The case is posted to 22 April 2026 for final hearing and judgment.

### Computation of pension and family pension

Federation has represented to the Bank for recomputation of pension and family pension on account IV and V during 10th, 11th and 12th Bipartite settlements. The implementation of 30% of last drawn pay. Family pension thus needs re-calculation for the family pension also. There are many such cases which need attention and rectification by the PPG Department.

## મંથલી મિટીંગ-ભાવનગર






એસબીઆઈ-ભાવનગર યુનિટ દ્વારા એસબીઆઈ એડમિન ઓફિસ સ્ટાફ કેન્ટીન, નિલમબાગ, ભાવનગર ખાતે મંથલી મિટીંગ યોજાઈ. ભાવનગર મોડ્યુલનાં ડીજીએસશ્રી ભરતભાઈ ભટ્ટની આગેવાનીમાં યોજાયેલી મિટીંગમાં શ્રી આર. પી. દુસેજા, શ્રી આર. પી. પટેલ, શ્રી બી. પી. જાગાણી, શ્રી એલ સી.બોરડેએ પ્રસંગોપાત સબોધન કર્યું હતું. મિટીંગનું સંચાલન શ્રી બી. સી. વિઠ્ઠલપરાએ કર્યું હતું. અંતમાં આભાર દર્શન સાથે મિટીંગની પૂર્ણાહૂતી થઈ હતી.

---

## રાજકોટની મંથલી મિટીંગમાં વિશાળ સંખ્યામાં પેન્શનરોની ઉપસ્થિતિ



એસબીઆઈપીએ રાજકોટ યુનિટ દ્વારા તા. ૧૫-૦૪-૨૦૨૬ના રોજ મોડ્યુલ ડીજીએસ શ્રી શરદચંદ્ર દવેની આગેવાનીમાં મિટીંગ યોજાઈ. આ મિટીંગમાં ૨૯૨ની રેકોર્ડ સંખ્યામાં પેન્શનરો ઉપસ્થિત રહ્યા હતા. આ મિટીંગમાં સાઈબર ક્રાઈમના ચૂનંદા અધિકારી પીએસઆઈ શ્રી નિરંજનભાઈ તથા શ્રી કલ્યાણીજીએ ફ્રોડની અલગ અલગ પદ્ધતિ, બ્લેક મેઈલીંગ, ડર, મેમો અને ડીજીટલ એરેસ્ટ પર સુંદર માર્ગદર્શન આપ્યું.



ઉપરાંત બેકબોન હોસ્પિટલના કાર્ડીયોલોજીસ્ટ ડો. નિખિલા પાંચાણીનું રસદર્શનપૂર્વક હૃદય રોગ આવવા પૂર્વેનો ચિન્હો, સારવાર, દવાઓની આડ અસરો સહિત અનેક માહિતીઓ આપીને મૂંઝવતા અનેક પ્રશ્નોના જવાબો આપ્યા સાથે અગ્રવાલ હોસ્પિટલના ડો. અમિનેષ ધ્રુવે આંખને બગાડતા પરિબળો,




માન્યતાઓ, આંખમાં થતાં વિવિધ રોગોની પીપીટી દ્વારા સમજાવી લાઈવ ઓપરેશનની ન્યુ ક્લીપ બતાવી. વધુમાં એઈમ્સ માંથી અનુભવનું ભાથુ લઈને "કોર્નીયા"નાં નિષ્ણાંત ડોક્ટર શ્રી કિટ્ટુ ખૂબ સરસ રીતે આંખની કીકી પર વિવેચન કરી મૃત્યુ બાદ આંખનું દાન કરવા સહિતનો અનુરોધ કરતા જણાવ્યું કે નવી ટેક્નોલોજીથી ડોનેટ થયેલ એક આંખ હવે ૬ દ્રષ્ટિહીન વ્યક્તિઓને લાભ અપાવી શકાય છે તેમ જણાવતાં તાલીઓની



ગડગડાટથી હોલ ગૂંજી ઉઠ્યો. ડો. અનિમેષ ધ્રુવ દ્વારા SBIPAના તમામ પરિવાર માટે "ફ્રી ચેકઅપ"ની જાહેરાત કરવામાં આવી. રાત્રીના સ્વાદિષ્ટ ભોજનના સ્વાદ માણી સૌએ આનંદ અનુભવ્યો.

## શું આપે લેવી / ડોનેશનની રકમ જમા કરાવી ?...

મિત્રો, આ બાબતની સતત જાણ આપને કરતા આવ્યા છીએ. આપ સૌને મળેલ લાભની રકમથી (એક્સગ્રેસિયા અને ૪૦% થી ૫૦% વધારા) પેન્શનમાં વધારો થવાથી આપ સૌ ખુશ છો જ. હવે પેન્શનર્સ એસોશિયેશનને પોતાની જવાબદારી નિભાવવા આપના સહકારની જરૂરિયાત છે. તે માટે આપને ફરીવાર યાદ અપાવીએ છીએ કે આપની લેવી/ડોનેશનની રકમ જમા કરાવવાની બાકી હોય તો વિના વિલંબે તુરંત જ ઓનલાઈન અથવા ચેક દ્વારા મોકલી આપવા વિનંતી કરીએ છીએ. આપણા એસોસિએશનનો ખાતા નંબર નીચે પ્રમાણે છે. ઓનલાઈન જમા કરાવતી વખતે આપનો પી.એફ. નંબર ખાસ લખવા વિનંતી.

**Name : SBI Pensioners Association** **Account No. : 30855862333**

**Branch Name: AHMEDABAD MAIN BRANCH, AHMEDABAD (00301)**

**Branch IFSC Code: SBIN0000301**

**PF No. : ___________ Name : ________________________________ MOBILE No. : ___________________**

### LEVY / DONATION

જે મિત્રોએ તા.૦૧-૩-૨૦૨૬થી ૩૧-૩-૨૦૨૬ સુધીમાં લેવી / ડોનેશન જમા કરાવેલ છે તેઓની યાદી નીચે પ્રમાણે છે. જેઓએ તા. ૩૧-૦૩-૨૦૨૬ પછી લેવી કે ડોનેશન જમા કરાવેલ છે, તેઓના નામ મે માસના અંકમાં પ્રસિદ્ધ થશે. જેની નોંધ લેવા વિનંતી.

| Date | P F No. | Name of the Pensioner / Firm | Credit | Receipt |
|---|---|---|---|---|
| | | **DONATION** | | |
| 13-Mar-26 | 709611 | SHANTILAL N. PATEL | 5000.00 | 28971 |
| 14-Mar-26 | 731188 | RASIKBHAI R. PATEL | 3000.00 | 28972 |
| 12-Feb-26 | 3500640 | PARVEEN A CHOPRA | 2550.00 | 28979 |
| 01-Jan-26 | 5171962 | DAHYABHAI K. MUNDHVA | 2000.00 | 28997 |
| 12-Mar-26 | 2907070 | SRINIVASAN S. ASSARI | 1100.00 | 28977 |
| 27-Mar-26 | 338834 | ABHAY N. HARDIKAR | 1100.00 | 28993 |
| 02-Mar-26 | 5182484 | JETHALAL G. VADUKAR | 1095.00 | 28954 |
| 02-Mar-26 | 5182484 | JETHALAL G. VADUKAR | 1000.00 | 28955 |
| 12-Mar-26 | 2883988 | MUKESH K. HIRE | 1000.00 | 28973 |
| 27-Mar-26 | 5192536 | ASHOK N. MANDHARKAR | 1000.00 | 28994 |
| 27-Mar-26 | 8264066 | BAVANJIBHAI G. LILA | 1000.00 | 28995 |
| 12-Mar-26 | 1714007 | SHANKAR S. JANGAM | 780.00 | 28975 |
| 12-Mar-26 | 732435 | FULJIBHAI R. CHAUHAN | 501.00 | 28976 |
| 12-Mar-26 | 1714007 | SHANKAR S. JANGAM | 500.00 | 28974 |
| 12-Mar-26 | 1716697 | NARENDRA P. GOHIL | 500.00 | 28978 |
| 27-Mar-26 | 1705059 | ASHOK D. SAVANT | 500.00 | 28980 |
| 27-Mar-26 | 3509249 | PARAGKUMAR A. SARAIYA | 500.00 | 28991 |
| 27-Mar-26 | 3166902 | AMRUTA ASHOK DEOLE | 500.00 | 28992 |
| | | **LEVY** | | |
| 20-Mar-26 | 2890879 | DINESH B. CHAUHAN | 12162.00 | 28989 |
| 09-Mar-26 | 705829 | VINOD M. DESAI | 5000.00 | 28959 |
| 20-Mar-26 | 728667 | JITENDRA N. RAVAL | 3000.00 | 28988 |
| 04-Mar-26 | 5212863 | VINA H. UPADHYAY | 2100.00 | 28956 |
| 01-Jan-26 | 5171962 | DAHYABHAI K. MUNDHVA | 2000.00 | 28997 |
| 01-Mar-26 | 1713868 | N. A. ACHARYA | 2000.00 | 28953 |
| 06-Mar-26 | 1725734 | AMITA B. KAPADIA | 1300.00 | 28958 |
| 13-Mar-26 | 5204194 | VRAJLAL L. TANNA | 1100.00 | 28970 |




## પ્રભુશરણ

| ક્રમ | પી.એફ.નં. | પેન્શનર્સ / ફેમિલી પેન્શનર્સનું નામ | સ્થળ | મોબાઈલ | અવસાન તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | ૭૨૭૭૪૧ | જીગીષાબેન જે. વ્યાસ (જગદીભાઈ એમ. વ્યાસના પત્ની) | અમદાવાદ | ૯૮૯૮૮૫૩૬૯૫ | ૨૦-૦૩-૨૦૨૬ |
| ૨. | ૧૭૦૮૮૨૧ | નિરંજન મણીલાલ શાહ | નડિયાદ | ૯૪૨૮૯૦૦૪૮૯ | ૦૪-૦૪-૨૦૨૬ |
| ૩. | ૦૭૪૪૩૬૦ | રમણિકલાલ એલ. ઉપાધ્યાય | અંજાર | ૯૮૭૯૩૫૮૮૧૯ | ૨૩-૦૩૨૦૨૬ |
| ૪. | ૨૮૮૮૨૧૧ | હરીશ નટવરલાલ શાહ | નડિયાદ | ૯૯૦૯૦૮૮૯૯૮ | ૧૯-૦૩-૨૦૨૬ |
| ૫. | ૧૭૦૦૧૭૦ | શનાભાઈ એમ. પટેલ | વડોદરા | ૯૮૭૯૬૬૯૪૪૧ | ૦૬-૦૪-૨૦૨૬ |
| ૬. | ૨૮૮૧૫૦૦ | ભદ્રેશ મોદી (પેન્શનર દક્ષા ભદ્રેશભાઈ મોદીના પતિ) | વડોદરા | ૯૯૭૮૪૦૭૦૨૧ | ૨૨-૦૩-૨૦૨૬ |
| ૭. | ૧૩૮૪૨૨૮ | પુષ્પા કમલેશભાઈ રાણા | અમદાવાદ | ૯૯૦૪૦૪૪૭૮૫ | ૧૧-૦૪-૨૦૨૬ |
| ૮. | ૧૭૪૧૫૪૩ | ઉસ્માનજી એમ. ખત્રી | ભરૂચ | ૭૬૨૨૯૭૫૦૫૫ | ૧૧-૦૪-૨૦૨૬ |
| ૯. | ૮૨૭૮૧૯૯ | નવીનચંદ્ર લાભશંકર ઉપાધ્યાય | ભાવનગર | ૯૫૬૦૦૬૭૨૯૫ | ૦૨-૦૪-૨૦૨૬ |
| ૧૦. | ૦૩૨૫૨૩૬ | દારા સી. ડ્રાઈવર | નવસારી | ૯૮૨૫૪૬૮૯૨૪ | ૦૯-૦૪-૨૦૨૬ |
| ૧૧. | ૩૬૮૦૨૪ | પ્રમોદ બી. પંડ્યા (સુધારો-ગત અંકમાં અનુ.નં. ૨૩માં પ્રેમિલાબેન હયાત હોઈ તેમના નામની જગ્યાએ પ્રમોદભાઈ વાંચવું) | ન્યુજર્સી -યુએસએ | +૧૨૦૧-૬૭૫-૬૮૧૨ | ૧૧-૦૩-૨૦૨૬ |
| ૧૨ | ૧૪૯૫ | હરેદ્રભાઈ સી. સરૈયા (૧૦૧ વર્ષ) | સુરત | ૯૫૮૬૨૩૧૪૯૨ | ૧૮-૦૪-૨૦૨૬ |
| ૧૩. | ૭૧૪૮૮૭ | હનીફા વી. વ્હોરા (યાકુબભાઈ વ્હોરાના ધર્મપત્ની) | વડોદરા | | ૧૭-૦૪-૨૦૨૬ |

**પ્રભુ, સદ્‌ગતના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.**

**ખાસ નોંધ : પેન્શનર્સના અવસાનની માહિતી આપનારે પેન્શનર્સનું પુરૂં નામ, પી.એફ. નંબર અને મોબાઈલ નંબર અવશ્ય જણાવવો.**




Circular No.: NBG/PBU/LIMA-TD/27/2023 - 24 Date: Sat 16 Dec 2023

## TERM DEPOSIT IN JOINT NAMES WITH MODE OF OPERATION "EITHER OR SURVIVOR" OR "FORMER OR SURVIVOR" MODIFIED MANDATE FORM

Different scenarios are being presented below for payment of Term Deposit Accounts held in **joint names** under mode of operation '**Either or Survivor or Former or Survivor**", where **Mandate form has not been btained**, for the guidance of operating functionaries:

**I. TDR in joint name under mode of operation 'Either or Survivor':**

**(A) Payment on maturity:**

a) Payment can be made to **either** of the depositors **on maturity**.

b) If one of the depositors **expires**, payment can be made to **the survivor on maturity**.

**(B) Payment before maturity:**

a) Signatures of **both** the depositors have to be obtained.

b) If one of the depositors expires, **no pre-payment may be allowed without the concurrence of the legal heirs** of the deceased joint holders.

**II. TDR in joint name under mode of operation 'Former or Survivor':**

**(A) Payment on maturity:**

a) the **'Former' alone** can operate/ withdraw the amount, when both the depositors are alive.

b) if Former expires, payment can be made to **survivor on maturity**.

**(B) Payment before maturity:**

a) Signatures of **both** the depositors have to be obtained.

c) If one of the depositors expires, **no pre-payment may be allowed without the concurrence of the legal heirs** of the deceased joint holders.

**4. USE OF MODIFIED MANDATE FORM:**

RBI, vide Circular no DBOD No. Leg. 37/ 09.07.005/ 2012-13 dated 16.08.2012 clarified as under:

"The joint deposit holders may be permitted to give the mandate either at the time of placing the fixed deposit or anytime subsequently during the term/tenure of the deposit.

**If such a mandate is obtained, banks can allow premature withdrawal of term/fixed deposits by the surviving depositor without seeking the concurrence of the legal heirs of the deceased joint depositors**. It is also reiterated that such premature withdrawal would not attract any penal charge."

Please refer to our e-Circular no-NBG/PBBU/LIMA-TD/21/2011-12 dated 19.11.2011 vide which 'Modified Either or Survivor' Form was prescribed, for before maturity payment of proceeds of term deposit held jointly under mode of operation 'E OR S / F OR S' to one of depositors, provided the Modified Either-or Survivor Form is obtained duly signed by both the depositors.

Either or Survivor Form has been revisited / revised and enclosed as Annexure -I to this circular. In accordance with the RBI directions, "the joint deposit holders need to give the mandate on this form either at the time of placing the fixed deposit or anytime subsequently during the term/tenure of the deposit."

**If the mandate of both the depositors has been obtained on the prescribed form (Annexure-I), before maturity payment of Term Deposits to the surviving depositor is permitted without seeking the concurrence of the legal heirs of the deceased depositor**.

The modified mandate has also been incorporated in the **Common Deposit Account Opening Form (Para D (5)**, vide e Circular no NBG/PBU/LIMA-SB/ 23/ 2023-24 dated 04.10.2023.

The modified mandate can also be recorded in CBS system. The path is given hereunder:

***Deposit/CC/OD Accounts & Services > Amend ( Screen No. 7050) - Input Account No. and under Option select B. Mode of Operation.***

On transmit, select **Option 16 E or S WDL by Survivor**, if account is opened with mode of operation 'Either or Survivor' and depositors have opted for modified mandate in Deposit Account Opening Form or has signed Modified Mandate Form.

Similarly, select **Option 17 F or S WDL by Survivor**, if account is opened with mode of operation 'Former or Survivor' and depositors have opted for modified mandate in Deposit Account Opening Form or has signed Modified Mandate Form.

Please bring the contents of this Circular to the knowledge of operating functionaries and give wide publicity of the facility.

## Annexure I

## MODIFIED MANDATE FORM ALLOWING PRE-MATURE WITHDRAWAL OF DEPOSIT IN CASE OF DEATH OF ONE OF THE DEPOSITORS

Date: _____________

The Branch Manager

State Bank of India

______________________

Term Deposit Account No._________________

With reference to the captioned account jointly held by us with the 'Either or Survivor' or 'Former or Survivor' mode of operation / operating instructions, we advise that on death of any one of us i.e., the depositors, the Bank may allow premature withdrawal of the deposit by the surviving depositor without seeking consent from the legal heirs of the deceased depositor.

This mandate will remain valid during the term of deposit and also, during any renewed term(s) (whether for full or partial amount) unless it is specifically withdrawn or modified by us jointly, either during the original or modified terms(s), if any.

Yours faithfully,

……………………………….

(Signature of all account holders)

Place :

Date :

ઉપર જણાવેલ સરક્યુલર અનુસાર જો બેંકમાં ફિક્સ ડિપોઝિટ EITHER OR SURVIVOR મોડ ઓફ ઓપરેશનમાં હોય તો ઉપર જે સુચન કરવામાં આવ્યું છે તે મુજબ મોડ ઓફ ઓપરેશન EITHER OR SURVIVOR WITHDRAWAL BY SURVIVOR કરાવી લેશો.

ઉપર જણાવ્યું છે તે મુજબ આપે તે માટે સરક્યુલર સાથે આપેલ ANNEXTURE-1 બંને ડિપોઝીટરની સહી સાથે બે કોપીમાં ભરી બેંકમાં આપી અને એક કોપી ઉપર સહી સિક્કા કરાવી આપના રેકોર્ડ ઉપર રાખી મુકશો.

આપે આ કરાવ્યું હશે તો ડિપોઝીટનું પેમેન્ટ બીફોર મેચ્યુરીટી સહેલાઈથી કરાવી શકશો.

જો એ ન કરાવ્યું હોય તો કોઈપણ એક હોલ્ડરનું મૃત્યુ થશે તો પછી પેમેન્ટ બીફોર મેચ્યુરીટી લેવા માટે મરણ પામેલ હોલ્ડરના લીગલ હાયરની સંમતીની કાયદેસરની કાર્યવાહી કરવી પડે અથવા ડિપોઝીટની મેચ્યુરીટી તારીખ સુધી રાહ જોવી પડશે.

ઉપરના સરક્યુલર પ્રમાણે TDR માં Mode of Operation "EITHER OR SURVIVOR " રાખેલ હોય તો બંને ડિપોઝીટરમાંથી કોઈ એકનું મૃત્યુ થાય અને જો Paid before maturity ની જરૂર પડે તો આપને ડિપોઝીટની પાકતી મુદત સુધી રાહ જોવી પડે.

જ્યારે તમોએ જો નવા આવેલ Mode of Operation - EITHER OR SURVIVOR withdrawal by Survivor" પસંદ કરેલ હશે તો આપને કોઈ એક ડિપોઝીટના મૃત્યુ પછી Paid before maturity ની જરૂર પડે તો તમને બેંક કરવા દેશે. માટે દરેક પેન્શર મિત્રોને વિનંતી કે તમો વહેલી તકે આ Mode of Operation નો સુધારો કરાવી TDRની નવી પ્રિન્ટ લઈ લેવી અને નવી ડિપોઝીટ મુકતી વખતે પણ ધ્યાન રાખવું.


SBI | HOME LOANS
ટકાઉ ભવિષ્ય બનાવવામાં મદદ કરો, આજે જ!
તમારું પહેલું પગલું લો અમારી સાથે.
સોલાર રૂફટૉપ ફાઈનાન્સ સાથેની એસબીઆઈ હોમ લોન માટે અરજી કરો.
સ્પર્ધાત્મક વ્યાજ દર
કોઈ છુપા ચાર્જિસ નહીં
ઓછી પ્રોસેસિંગ ફી
સહાયતા માટે કૉલ કરો: 1800 11 2018 | અહીં મુલાકાત કરો: homeloans.sbi
Azadi Ka Amrit Mahotsav
આ ઉત્પાદન નીચે જણાવેલ એસડીજી સાથે જોડાયેલ છે
અને સ્થાયી ભારત માટે યોગદાન આપે છે.
અમને અહીં ફોલો કરો




Eye-care Hospital

ફ્રી આંખની તપાસ

SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે
(અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત)

NABH PRE ACCREDITED

- Cataract
- Cornea
- Lasik
- Retina
- Glaucoma
- Oculoplasty

આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન

ડૉ. શશાંક રાઠોડ
ડૉ. આંશી રાઠોડ

**સમય:** સવારે **9:00** થી **12:00,**
બપોરે **3:00** થી સાંજે **6:00** વાગ્યા સુધી

Eye-care Hospital

પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫

૯૮૨૪૦૮૬૬૧૧
૦૭૯-૨૬૪૪૬૧૩૩

www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com

Registered under RNI No. GUJBIL/2007/29606.
"Registrered under Postal Registration No. GAMC-1658/2021-2023 valid upto X31st December-2023 issued by the SSPO's, Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO, on 26th of every month."
Licensed to Post Wihout Prepayment No. PMG/NG/053/2021-23 valid upto 31/12/2023



# ડો. પ્રતાપ દેસાઈ આઈ હોસ્પીટલ

ડો. પ્રતાપ દેસાઈ M.S. (ઓપ્થોલમોલોજી) | ડો. હેમાક્ષી પી. દેસાઈ M.S. (ઓપ્થોલમોલોજી) | ડો. સુરોહી શાહ M.S. (ઓપ્થોલમોલોજી)

રિટાયર્ડ સિનિયર મેડીકલ ઓફીસર, SBI, LHO, અમદાવાદ.

હવે નવા સરનામા ઉપર અત્યાધુનિક સુવિધા સાથે જુનો વિશ્વાસ

ક્લિનિકઃ ૨૦૧/૨૦૨, ક્ષિતીજ આર્ચ, આઈઓસી પેટ્રોલ પંપ પાસે, ગોલ્ડન ટ્રાયેન્ગલ સામે, સ્ટેડીયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

મળવાનો સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૭.૦૦ એપોઈન્ટમેન્ટ : (મો) ૯૩૧૬૫૬૫૧૫૦, ૦૭૯-૨૬૫૬૪૫૪૭

ચશ્માના નંબર લેજરથી ઉતારવા માટે : ક્લિયરવ્યુ લેસર સેન્ટર, સ્ટેડિયમ પ્લાઝા, યોગેશ ખમણ પાસે, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ ● સમય : સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ● ફોન : ૭૯૪૮૪૬૦૨૦૨, ૯૭૨૫૪૪૭૩૭૩

ડો. પ્રતાપ દેસાઈ પણ SBIના જ પેન્શનર્સ છે. જેમણે અવિરત છેલ્લા ૩૨ વર્ષથી SBI પરિવાર માટે સિનિયર મેડિકલ ઓફિસર તરીકે નિ:સ્વાર્થ સેવાઓ આપેલ છે.

ડો. દેસાઈની આઈ હોસ્પિટલ પેરેમાઉન્ટ ટીપીએ, એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ સાથે પ્રિમિયમ કેટેગરીમાં જોડાયેલ છે.
(PPN Hospital Networkના રેટ્સ અમારી સર્જરી માટે લાગુ પડતા નથી) SBI અને e-SBI પેન્શનર્સ અને તેમના સ્પાઉઝને નિ:શુલ્ક કન્સલ્ટેશન

● એસબીઆઈ એમ્પ્લોઈઝ માટે ખાસ ●
સુવિધા કેસલેશ જેવી, લેન્સ ઉચ્ચતર ગુણવત્તાવાળો, કેસલેસ ક્લેઈમમાં લિમિટ હોવાથી લેન્સની ગુણવત્તામાં લિમિટ આવતી હોય છે. Reimbursementમાં કેસલેસની વધુ સુવિધાઓ

**મંથલી મિટીંગ :** મે માસની મંથલી મિટીંગ તા. ૨૦-૦૫-૨૦૨૬ના રોજ બુધવારે બપોરે ૪.૩૦ કલાકે, બીજો માળ, સ્ટાફ કેન્ટીન, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, જુની લોકલ હેડ ઓફિસ, લાલ દરવાજા, અમદાવાદ ખાતે યોજવામાં આવશે. અમદાવાદના તમામ પેન્શનરોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ છે. આ મિટીંગ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન દ્વારા ફેસબુક ઉપર લાઈવ કરવામાં આવશે.

સભ્યો માટે સંપર્ક સ્થળ : એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ (સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ સુધી)
e-mail: gujpension@gmail.com ● whatsapp no. 99982 65158 આ વોટ્સએપ નંબર ઉપર માત્ર મેસેજ કરવો કોલ કરવો નહિં.
President - R. N. Choksi : 7600978838 (Vadodara) General Sec. - Kamal Kadri: 9825578619

The Views expressed in the articles/write ups in the magazine are not necessarily those of the Association / Editorial Board. Readers will please refer to the concerned writers / Authors as to the authenticity of facts/ figures.

The advertisement in the magazine are only commercial ones and don't confer any assurances/ recommnedations from the part of the Association and its office-bearers/ Editorial Board members. Readers may make any transactions with them only after their independent enquiries.

**Printed & Published by :** Kamal Kadri on behalf of State Bank of India Pensioners' Association & **Printed at : Print Vision,** Near Central Bank of India, Ambawadi Bazar, Ahmedabad-380006.
**Published from:** SBI Zonal Office, 3rd Floor, C.N. Vidhayalay, Ambavadi, Ahmedabad-380015

Editor : Kamal Kadri Editorial Board : R. N. Choksi, Smt. Lalitha Iyer, Kantilal Parmar, Chintak Patel

If undelivered please return to :
● પ્રકાશન સ્થળ ●
એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫